| **Headline:** NSE's international stock exchange launched at GIFT City | |
|---|---|
| **Source:** Sandesh | **Date:** 6 June 2017 |

### CM રૂપાણીએ કહ્યું,આ કેન્દ્ર સીમા ચિન્હરૂપ બનશે

# એનએસઈના ઈન્ટરનેશનલ સ્ટોક એક્સચેન્જનો ગિફ્ટ સિટીમાં પ્રારંભ

- **ડેરિવેટિવ્ઝ ક્ષેત્રે રૂપિયા-ડોલરના કન્વર્ઝન બાબતે ઝડપી નિર્ણય લેવા RBIને રજૂઆત**

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર,તા.૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સોમવારે સાંજે ગાંધીનગર ગિફ્ટસિટી ખાતે ભારતના સૌથી મોટા સ્ટોક એક્સચેન્જ નેશનલ સ્ટોક એક્સચેન્જ NSEના નવા પ્રકલ્પ NSE, IFCSનો બેલ વગાડી પ્રારંભ કરાવ્યો હતો. આ સાહસ ગુજરાતના આર્થિક કારોબાર સાથે ગિફ્ટસિટીના ઈતિહાસમાં એક નવું સિમાચિન્હ બનશે, તેમ ઉલ્લેખતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, આવનારા દિવસોમાં ગિફ્ટસિટી ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂશન્સ, ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ બિઝનેસ ફર્મ તેમજ ઓફ શોર બૅન્કિંગ, ગ્લોબલ ટ્રેડિંગ એક્સચેન્જ જેવા કારોબારી ધમધશે અને વૈશ્વિક કેન્દ્ર બનશે. આના પરિણામે ગુજરાતના નવયુવાનો માટે રોજી-રોટી અને રોજગાર અવસર વ્યાપક બનશે. મુખ્યમંત્રીએ નવા પ્રકલ્પ માટે ગુજરાતની પસંદગી કરવા માટે NSEનો આભાર માનતા ઉમેર્યું કે, વર્તમાન વડા પ્રધાન નરેન્દ્રભાઈએ તેમના મુખ્યમંત્રી પદના કાર્યકાળ દરમિયાન ગિફ્ટસિટીની આધારશીલા મૂકીને સિંગાપોર, દુબઈ, ન્યૂયોર્ક જેવા વિકસીત સ્થાનો પરથી થતાં શેર-સ્ટોક એક્સચેન્જ અને વેપાર જેવી જ વૈશ્વિક સુવિધા ગુજરાતમાં આપવાનું જે સપનું સેવેલું તે અમે સાકાર કર્યું છે. તેમણે ગુજરાતને ભારતના ગ્રોથ એન્જિન અને સાતત્યપૂર્ણ પ્રગતિના સંવાહક ગણાવી ઉદ્યોગના મૂડી રોકાણ માટે ગુજરાત કેમ શ્રેષ્ઠ છે તેની વિશદ ભૂમિકા આપી હતી.મુખ્યમંત્રી રૂપાણીએ આ તબક્કે રિઝર્વ બૅન્ક ઓફ ઈન્ડિયાને ડેરિવેટિવ્ઝ ક્ષેત્રે રૂપિયા-ડોલરની બાબતે ત્વરિત નિર્ણય લેવાનો પણ અનુરોધ કર્યો હતો.